બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# સ્વર્ણિમ ગુજરાત ગૌરવગાન




સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ

https://okanha.wordpress.com

ગુજરાત ગૌરવ ગાથા

ઉઠો જાગો ગરવા ગુજરાતીઓ પડકાર કરો
તમે છો ગરવા ગીરના સાવજ ડણકાર કરો
તમે છો ભાગ્ય વિધાતા હવે તો લલકાર કરો
તમ પહેલથી રાષ્ટ્ર જાગે એવો રણકાર કરો
તમોએ કૈક વાર ભારત કેરું ભાગ્ય પલટાવ્યું છે
નવ નિર્માણ – કટોકટીમાં કૈકને ઘર બતાવ્યું છે
ગુજરાતે ચિંધ્યા છે હમેશા કેટલાય નવીન રાહો
દેશની જનતા ઈચ્છે તમારો સાથ ફેલાવી ને બાંહો
ગુજરાતે આપ્યા છે હિન્દુસ્તાનને ગાંધી ને સરદાર
રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને  ખબરદાર
“સ્વપ્ન” અડગ હિમાલય જેવું કેરો અડગ નિર્ધાર
ગાજે ”ગુજરાત ગૌરવ ગાથા” એવા સજો  શણગાર.

સ્વપ્ન જેસરવાકર

ગૌરવ ગાથા ગુજરાતની

સત્ય છે સારથી, અહિંસાની લગામ, એજ છે શાંતી તણો માર્ગે,
"વિશ્વનો ઉધ્ધાર એમાં એવો આદેશ દેતો ગુજરાતી,
એ ગાંધી ને સો સો સલામ એ ગૌરવ ગાથા ગુજરાતની.

વેપાર વાણીમાં વરદાન જેને, જગમાં, સાહસમાં સુરવીર,
સારાએ વિશ્વમાં રહેવાસ જેનો , એ ભોળો ભટુકડો ગુજરાતી,
"સૌમ્ય પ્રજા છે" જગ કહે , એ ગૌરવ ગાથા ગુજરાતની.

"લોખંડી સુપુત સરદાર " જ્યાં, ગાંધી જોઈ અંગ્રેજ ભાગ્યા,
ક્ષ્ણને પણ ગમ્યું ગુજરાત, કર્યો વસવાટ આવી દ્વારકા માં,
વિશ્વભરમાં નામ જેનું એવી ગૌર ગાથા મારા ગુજરાત ની.

વિશ્વદીપ બારડ

વ્હાલું રતન મારું ગુર્જર વતન

પહેલી મે એ પથરાયા અજવાળા
પધાર્યા રવિ આકાશે કંકુવરણા
પ્રગટાવે દીવડા રવિશંકર મહારાજા
રાજ ગુજરાતની હરખે ગાઓ ગાથા

બાંધતી ગુર્જરી પાવન બંધન
ખીલ્યું ગગન ને સાગર ઢોળે પવન
પંખીડાં ગીત ગાઈ કરતાં રંજન
શુભ દિન પહેલી મે એ ગાશું કવન

સાત સાગરે ધર્યા પ્રેમના સ્પંદન
સંપદાથી શોભતાં વગડાં ને વન
પાવન સરીતાને કરી એ વંદન
વહાલું રતન મારું ગુર્જર વતન

સંતોને વીરોની ભૂમિ આ મહાન
ધરતીના કણકણમાં રમતું શૂરાતન
પ્રાણથીય પ્યારી પુનિત ધરતી મંગલ
કરશું વંદન શીરે બાંધી કફન

નવયુગના ઝૂમે આજ સ્વપ્નો ગગન
અહીંસા આદરથી રેલાવીએ અમન
ગાંધી સરદાર અમારી વિભૂતીઓ મહાન
માત ગુર્જરીને કરીએ ભાવે વંદન.

વતન અમારું પ્યારું ન્યારું, અમે બહૂરંગી ફૂલ
પ્રેમ ધરમે રમાડે હૈયાં માનવતાનાં મૂલ

યશવંતી ગુજરાત....રમેશ પટેલ(આકાશદીપ)

ગુણીયલ ગુર્જર ગિરા અમારી, ગૌરવવંતા ગાન
સ્નેહ સમર્પણ શૌર્ય શાંતિના દીધા અમને પાઠ
રાજવી સાક્ષર સંત મહાજન , ધરે રસવંતા થાળ
જય જય યશવંતી ગુજરાત ,શોભે યશચંદ્ર તવ ભાલ
જનમ્યા ગુર્જર દેશ ,સંસ્કૃતિના ખીલ્યા છે ગુલદસ્ત
તવ રંગે સોડમે ખીલ્યાં, મઘમઘતાં માનવ પુષ્પ.
વિશ્વ પથ દર્શક ગાંધી ગરવો, ગુર્જર સપૂત મહાન
ધન્ય ધન્ય ગુર્જરી માત ,તવ ચરણે મળ્યો અવતાર.
રમ્ય ડુંગરા સરિતા મલકે, ધરતી ઘણી રસાળ,
ગરબે ઝગમગે જીવન દીપ ને, જગત જનનીનો સાથ.
ધરતી મારી કુબેર ભંડારી, ભરશું પ્રગતિ સોપાન
જય જય રંગીલી ગુજરાત, શોભે યશચંદ્ર તવ ભાલ.
રત્નાકર ગરજે ગુર્જર દ્વારે, કરે શૌર્ય લલકાર,
મૈયા નર્મદા પુનિત દર્શિની, ભરે અન્ન ભંડાર.
માત મહીસાગર મહિમાવંતી, તાપી તેજ પ્રતાપ
જય જય રસવંતી ગુજરાત,ધન્ય ધન્ય ગુર્જરી માત
પાવન તીર્થ ,તીર્થંકરની કરુણા,અર્પે જ્ઞાન અમાપ
સહજાનંદ યોગેશ્વર વસે અંતરે,સુખદાતા મીરાં દાતાર
વલ્લભ સરદાર સંગે ગાજે ગગને જય સોમનાથ
ધન્ય ધન્ય ગુર્જરી માત , શોભે યશચંદ્ર તવ ભાલ
ભારતવર્ષે પરમ પ્રકાશે, જાણે હસ્તી પર અંબાડી
સપ્ત સમંદર સવારી અમારી, દરિયા દિલ વિશ્વાસી
અનુપમ તારી શાખ ઝગમગે,જાણે તારલિયાની ભાત
રમાડે ખોળે સિંહ સંતાન ,શોભે યશચંદ્ર તવ ભાલ
ગાયાં પ્રભાતિયાં ભક્ત નરસિંહે,આભલે પ્રગટ્યા ઉમંગ
સાબર દાંડી શ્વેત ક્રાન્તિના, દીઠા પુણ્ય પ્રતાપી રંગ
'આકાશદીપ' વધાવે વીર સુનિતા છાયો પ્રેમ અનંત
તારે ચરણે નમીએ માત, આશિષ માગે તારાં બાળ
ધન્ય ધન્ય ગુર્જરી માત, શોભે યશચંદ્ર તવ ભાલ(૨)
- રમેશ પટેલ (આકાશદીપ)

સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની... – રમેશ ગુપ્તા

આજ બાપુની પુણ્યભૂમિ પર ઉગ્યું સ્વર્ણ પ્રભાત
જય ગુજરાત...., જય જય જય ગરવી ગુજરાત

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના તાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની
યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની, જય જય ગુજરાતની...

ભક્ત સુદામા અને કૃષ્ણના મિત્રભાવ ભુલાય નહિં
વૈષ્ણવજન તો તેને કહીએ નરસૈયો વિસરાય નહિં
જય દત્ત દિગંબર ગિરનારી, જય બોલો કાળીકામાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

અમર ભક્ત વીરોની ભૂમિ જેના ગુણ ગાતું સંસાર
રાજાઓના તાજ મુકાવ્યા ધન્ય વીર વલ્લભ સરદાર
જય દયાનંદ જય પ્રેમાનંદ જય બોલો બહુચરામાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

દલપત નાન્હાલાલ દયાના મધુર કાવ્ય ભુલાય નહિ
મેઘાણીની શોર્ય કથાઓ અંતરથી વિસરાય નહિ
અમર કાવ્ય નર્મદના ગુંજે જય જય અંબે માતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

મળ્યા તેલ ભંડાર દ્રવ્યના, ભિષ્મપિતાની બલિહારી
ધન્ય ધન્ય ગુજરાતની ભૂમિ, થયા અહીં બહુ અવતારી
જય સાબરમતી, જય મહિ ગોમતી સરસ્વતી, બોલો નર્મદામાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

હિંદુ મુસ્લિમ વોરા પારસી હળીમળી સૌ કાર્ય કરે
સૃષ્ટિને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે

જય સહજાનંદ જય જલારામ જય મહાવીર દાતારની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

અમર ભક્ત બોડાણો કલાપી મહાદેવ દેસાઇ
દાદાતૈયબજી કસ્તુરબા પટેલ વિઠ્ઠલભાઇ
આજ અંજલી અમર શહીદોને અર્પો ગુજરાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

શ્રમ પર શ્રમ કરનારા માનવની આ ધરતી ન્યારી
સત્ય શાંતિ અને અહિંસાના મંત્રો દેનારી
શ્રમ સેવાની કરો પ્રતિજ્ઞા ઉગી ઉષા વિરાટની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ ...

**રઢિયાળી ગુજરાત – માધવ ચૌધરી**

રઢિયાળી ગુજરાત
અમારી રઢિયાળી ગુજરાત!
વીરનરોની માત
અમારી રઢિયાળી ગુજરાત!

કીર્તિ તણી સૌરભ પ્રસરતાં ગરવાં તારાં બાળ,
ગાંધી વલ્લભ સપૂત તારા, ભારતતારણહાર!
દેશ થયો રળિયાતઃ
અમારી રઢિયાળી ગુજરાત!

દયાનંદ સ્વામીએ સ્થાપ્યો રૂડો આર્ય સમાજ,
દલપતરામ-કવિ નર્મદને કર્યાં કીર્તિનાં કાજ;
ફૂખ દીપાવે માતઃ
અમારી રઢિયાળી ગુજરાત!

ગરવો ગુજરાતી

માતૃભૂમિ પર પ્રેમભાવના જાગે,
રોમ રોમમાં એ જ ભાવના જાગે.

ગર્વ સાથે સૌ એક શ્વાસમાં ગાઓ,
વિશ્વ ગુર્જરી સ્વર્ણ ગુર્જરી થાઓ...
સાથે સૌ ગાઓ... એક થૈ ગાઓ...
ગુજરાતી... ગુજરાતી... ગુજરાતી... હું ગરવો ગુજરાતી...

ગાંધીની અહિંસા જેના કણકણમાં,
નરસૈંયાનો કેદારો રજકણમાં;
સરદાર સમી ખુમારી હર નરમાં,
પહોંચી ચંદા પર નારી પલભરમાં...

હૈયામાં જેના મેઘાણી, ઉદ્યમથી ઉજળા અંબાણી,
નર્મદની ગૂંજે સૂરવાણી, વિક્રમની વિજ્ઞાની વાણી...

ગુજરાતી... ગુજરાતી... ગુજરાતી... હું ગરવો ગુજરાતી...

હું વિશ્વપ્રવાસી ગરવો ગુજરાતી,
હું પ્રેમીલો ને સાચો ગુજરાતી;
હું દૂર વતનથી તોયે વતનની પ્યાસ,
ગુજરાતીને ગુજરાતી પર વિશ્વાસ...

મીઠું બોલી જગ જીતનારો, જેને રાસ ને રમઝટ શણગારો,
મહેમાનો માટે મરનારો, ગુજરાતીના આ સંસ્કારો...

ગર્વ સાથે સૌ એક શ્વાસમાં ગાઓ,
વિશ્વ ગુર્જરી સ્વર્ણ ગુર્જરી થાઓ...
સાથે સૌ ગાઓ... એક થૈ ગાઓ...
ગુજરાતી... ગુજરાતી... ગુજરાતી... હું ગરવો ગુજરાતી...

જય જય ગરવી ગુજરાત – કવિ નર્મદ

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી, પ્રેમશૌર્યઅંકીત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમ ભક્તિની રીત -
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત.

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત !
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત-
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

ગુજરાતી થઇ... ગુજરાતી કોઇ... – અવિનાશ વ્યાસ

ગુજરાતી થઇ, ગુજરાતી કોઇ, બોલે નહીં બરાબર,
ભાષાની મીઠાશ નહીં, જાણે બોલે કાગડો, કાબર...

ઉત્તરમાં પાટણની પ્રભુતા, અંબાજી સાક્ષાત,
અને દક્ષિણમાં આદીવાસીઓ ભાષાથી અજ્ઞાન..
અને અમદાવાદમાં ચીપી ચીપીને....
(પવાલામાં પાણી પીશો...?? )
અમદાવાદમાં ચીપી ચીપીને બોલે બ્રહ્મણ નાગર...

નર્મદનું સુરત જુઓ....
નર્મદનું હુરત જુઓ, તો બોલે બોલે બોબડું.
તું ને બદલે ટટ્ટુનો ટું, જ્યારે બોલે ત્યારે તોતડું
તપેલી ને એ કહે પતેલી
(મારી લાયખા... બટાકાનું હાક..!!)
તપેલી ને એ કહે પતેલી , પછી હોય શેઠ કે ચાકર...

એ અચોં અચોં કંઇ કચ્છી બોલે ને કાઠિયાવાડી ઓલા હાલો.. જી રે.. એ હાલો બાપા..
કે ચરોતરીમાં કેમ છો, ચ્યમ છો ને ગરબડને ગોટાળો, હેંડો લ્યા..

કે સૌએ મળીને ભ્રષ્ટ કર્યો છે ભાષાનો રત્નાકર...
ગુજરાતી થઇ, ગુજરાતી કોઇ, બોલે નહીં બરાબર,
બોલે નહીં બરાબર...
બોલે નહીં બરાબર...
બોલે નહીં બરાબર...

જીત્યું હમેશા ગુજરાત... – મનિષ ભટ્ટ

હારી આ સરહદ ને હાર્યા સીમાડા
પણ હાર્યું ના કોઇ’દી ગુજરાત
હે જીત્યું જીત્યું હમેશા ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
ઝૂક્યા પહાડો ને ઝૂકી આ નદીયું
પણ ઝૂક્યું ના કોઇ’દી ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
ટુટી ધજાઓ ને ટુટ્યા મિનારા
પણ ટ્રૂટ્યું ના કોઇ’દી ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
હો બેઠી બજારો ને મીલોના ભૂંગળા
પણ ઊભું અડીખમ ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
ધણણણ ધણણણ ધણણણ ધરણી આ ધ્રૂજે
કે આભલા ઝળૂંબે પણ
ડગે ના કોઇ’દી ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
હાર્યા ના ગાંધી ના હાર્યા સરદાર
એમ હાર્યું ન કોઇ’દી ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
દુનિયાના નિતનવા નારાની સામે
ના હારે આ દિલનો અવાજ
એવો સુણીને દલડાનો સાદ
હો રાજ મારું જીત્યું હમેશા ગુજરાત
હાં હાં રે મારું જય જય જય ગરવી ગુજરાત
હાં હાં રે મારું જય જય જય ગરવી ગુજરાત
હાં હાં રે મારું જય જય જય ગરવી ગુજરાત..
મારું ગુજરાત..!

કોણ જાણે ? – ઉશનસ્

કેવું કેવુંક થશે ગુજરાત – કોણ જાણે ?
આ તો ઉઘડંત રાત કે પ્રભાત – કોણ જાણે ?

કંઈ પામશે કે પહેરવાં નાગાં ?
સૂવા પામશે કે છાપરું અભાગાં ?
ભૂખ્યાં પામશે કે પેટપૂર ભાત – કોણ જાણે ?

(કે) પછી વધશે અહીં માળ ઉપર મજલો ?
પારકી જમીન પર મહેનતની ફસલો ?
તીડ-વાણિયાની વધશે જીવાત – કોણ જાણે ?

એ સોનેરી શમણું આંખ મારી ઝૂલે,
જાય ઊડી ઓસ સમું ન્હાની શી ય ભૂલે,
મારા શમણાની નાજુક બિછાત – કોણ જાણે ?

- ઉશનસ્

( ૧ મે, ૧૯૬૦, ગુજરાતનું અલગ રાજ્ય સ્થપાયું તે દિવસે પ્રકાશિત )

ગૌરવ-કથા ગુજરાતની – શૂન્ય પાલનપુરી

વિશ્વને રોશન કરી ગઇ દીપિકા ગુજરાતની,
સૂર્ય પણ જોતો રહ્યો જ્યોતિ-કલા ગુજરાતની.

'ડાંગ' માર્યાથી કદી પાણી જુદાં થાતાં નથી,
દુશ્મનોએ જોઇ છે ક્યાં એકતા ગુજરાતની?

મુક્તિ કેરા ગાલ પર લાલી અમસ્તી ના ગણો,
રંગ લાવી છે શહીદી-ભાવના ગુજરાતની.

ભાગ્ય પર પુરુષાર્થની મારી છે લોખંડી મહોર,
ભૂલશે ઇતિહાસ ના ગૌરવ-કથા ગુજરાતની.

ચંદ્ર ને સૂરજ કહે છે રાતદિ', 'જય સોમનાથ!'
કાળના હૈયે જડી છે અસ્મિતા ગુજરાતની.

માતા કેરા ચીર સાથે ખેલનારા! સાવધાન!
કેં મહાભારત ન સર્જે ઉર વ્યથા ગુજરાતની.

શૂન્ય, મારી જિંદગીને તો જ લેખું ધન્ય હું,
મૃત્યુ ટાણે પણ મળે જો ગોદ 'મા' ગુજરાતની.

-'શૂન્ય' પાલનપુરી

અમારો ગુણિયલ ગુર્જર-દેશ – ન્હાનાલાલ કવિ

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જ-દેશ.

કૃષ્ણચંદ્રની કૌમુદી ઊજળો, કીધ પ્રભુએય સ્વદેશ...ધન્ય.

આર્યનું સાગરતીર્થ પુરાણ,
તપોવન ભૃગુવસિષ્ઠના ભાણ;
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથિનાં જ્યાં રાજ્ય;
ગ્રીસરોમથીય જૂના કુરુપાંડવથીયે પ્રાચીન,
સોમનાથ,ગિરિનગર,દ્વારિકા;
યુગયુગ ધ્યાનવિલીન.
ઊભીને કાલસિન્ધુને તીર બજાવે બંસરી ભવ્ય સુધીર...ધન્ય.

સ્થળેસ્થળ નવ પલ્લવના પુંજ,
નદીને તળાવ કેરી કુંજ;
કોમળી કવિતા સમ સુરથાળ
સિન્ધુ જ્યાં દે મોતીના થાળ;
જૂગજૂનાં નિજ ગીત ગર્જતો, ફરતો સાગર આજ;
કેસર ઊછળી ઘૂઘવે ગરવો વનમાં જ્યાં વનરાજ:
ગિરિગિરિ શિખરશિખર સોહન્ત
મંન્દિરે ધ્વજ ને સન્તમહન્ત.....................ધન્ય.

પૂર્વથી પશ્ચિમ વહે પ્રકાશ,
વ્હાણ ભરી વહેતી તેમ નિકાસ;
મોહી આંગણ ઊતર્યો જ યુરોપ,
વીણવા વાડીના ફૂલ-રોપ;
વીણી ન વણસે પુણ્યપાંગરી
અમ રસભૂમિની છાબ;

જગમોહન મુંબઈનગરી જુઓ !
શું પાથર્યો કિનખાબ;
નિત્ય નવ ફૂલે ખીલે અભિરામ
લક્ષ્મીમ્હોર્યાં લક્ષ્મીનાં ધામ……………………..ધન્ય.

ચોળી, ચણિયો, પાટલીનો ઘેર,
સેંથલે સાળુની સોનલ સેર;
છેડલે આચ્છાદી ઉરભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ;
અંગ આખેયે નિજ અલબેલ;
સાળુમાં ઢાંકતી રૂપની વેલ;
રાણકતનયા, ભાવશોભના, સુંદરતાનો શું છોડ ?
આર્ય સુન્દરી ! નથી અવનીમાં તુજ રૂપગુણની જોડ:
ભાલ કુંકુમ, કર કંકણ સાર,
કંથનાં સજ્યાં તેજશણગાર………………………..ધન્ય.

ખેતરો નાનાં, નાની શી પોળ,
નાતજાતે નાનડિયાં ઘોળ;
ક્ષત્રીજાયાનાં નાનલ રાજ્ય,
ધર્મના નાનકડા જ સમાજ;
વૃદ્ધ ચાણક્યે, વર્ણ્યાં પૂર્વે નાનાં પ્રજાનાં તંત્ર,
એહ પુરાતનના પડછાયા આ આમ જીવનજંત્ર:
એક ફૂલવેલે ફૂલતાં ફૂલ,
અમારી એક સુગન્ધ, અમૂલ……………………….ધન્ય.

દેશ નિજ તજી ધર્મને કાજ
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ;
ધર્મવીર પારસીનો સત્કાર
જગતઇતિહાસે અનુપ ઉદાર;
ઈસ્લામી જાત્રાળુનું આ મક્કાનું મુખબાર;
હિન્દુ મુસલમિન પારસીઓને અહીંયાં તીરથદ્વાર;
પ્રભુ છે એક, ભૂમિ છે એક,

પિતા છે એક, માત છે એક,
આપણે એકની પ્રજા અનેક...........................ધન્ય.

નથી રમી શમશેરોના દાવ,
નથી ત્યમ ઘણા ઝીલ્યાચે ઘાવ;
શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રની માંહ્ય
લીધાં વ્રત જાણે હજીય પળાય;
એક ઈડરના વનકેસરીએ, ભડવીર બાપ્પારાવ,
વિશ્વવંદ્ય સૂરજકુળ સ્થાપી ચિતોડ કીધ યશછાંવ:
જન્મભૂમિ દયાનંદનાં ધામ,
ગાંધીનાં ગીતાજીવન નિષ્કામ.........................ધન્ય.
સુરતના રસિક રંગીલા રાજ,
બુદ્ધિધન ભર્યો શ્રીનગરસમાજ;
શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છનાં સાહસિક સંતાન;
ખંડખંડ વિસ્તરતો હિન્દી મહાસાગર મહારેલ,
તીરતીર જઈ સ્થાપી ગુર્જરી સંસ્થાનોની વેલ;
મહાસાગરનાં પૃથ્વી-વિશાળ
સરોવર કીધાં ગુર્જરી-બાળ.............................ધન્ય.

વનેવન લીલો ઘટાસોહાગ,
જગતનો દીપે શું અમૂલખ બાગ !
સજાવ્યા જઈને રસશણગાર,
લતામંડપ સમ ધર્માગાર:
ભારતીએ કંઈ ફૂલ-ફુવારો અંજલિમાં શું લીધ !
દિશદિશમાં ફૂલધાર ઉડાવી દિલનાં પરિમલ દીધ !
હિન્દમાતની લાડીલી બાળ !
ગુર્જરી! જય! જય! તવ ચિરકાળ.

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !

- ન્હાનાલાલ કવિ

નવું નવું ગુજરાત – કૃષ્ણ દવે

નવી સવારે નવું કિરણ લઇ આવ્યુ નવલી વાત
અમારૂ નવું નવું ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત
નવા જ સંકલ્પોને લઇને પ્રગટ્યું નવું પ્રભાત
અમારૂ નવું નવું ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત.

નવી જ માટી, મૂળ નવા ને મ્હેક નવી પણ માંગે
અંદર લીલ્લુછમ સૂતેલુ હોય બધુ એ જાગે
જેમ સમયને આદર દઇને વૃક્ષ પર્ણને ત્યારે
એમ જુના જે હોય વીચારો પોતે ખરવા લાગે

હરીયાળી પાથરતા ફરતા વહે નર્મદા માત
અમારૂ નવું નવું ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત.

નવી પાંખ છે, નવા ઉમંગો, નવું નવું મલકાતા
નવા દિવસ છે ભલે હવે એ નવી રીતે ઉજવાતા
જે મારગ પર ડર લાગે છે સૌ ને જાતા જાતા
એ મારગ નીકળી પડવાનુ ગીતો ગાતા ગાતા

નવી દિશામાં નવા જ સાહસ માટે જગવિખ્યાત
અમારૂ નવું નવું ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત.

નવો સમય છે નવું જોશ લઇ મળવા સૌને આવે
અંધારાના ઘરઘરમાં જઇને દીપક પ્રગટાવે
નવા નવા સપનાઓ શોધી નવા જ ક્યારે વાવે
તેજ તરસતી એ આંખોમાં સૂરજ આંજી લાવે

નવ આકાશે નવું જ ચમકી નવી જ પાડે ભાત
અમારૂ નવું નવું ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત.

અમારૂ મનગમતુ ગુજરાત, અમારૂ થનગનતું ગુજરાત.
અમારૂ ઝળહળતુ ગુજરાત, અમારૂ નવું નવું ગુજરાત. - કૃષ્ણ દવે

ગુજરાત મોરી મોરી રે – ઉમાશંકર જોશી

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે,
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે !
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસ શાં સુખડૂબ્યાં જોડલે,
ગુજરાત મોરી મોરી રે.

નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
ગુજરાત મોરી મોરી રે.

ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.

– ઉમાશંકર જોશી

ગુણવંતી ગુજરાત .... – અરદેશર ખબરદાર 'અદલ'

ગુણવંતી ગુજરાત ! અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

મોંઘેરા તુજ મણિમંડપમાં, ઝૂકી રહ્યાં અમ શીશ !
માત મીઠી ! તુજ ચરણે પડીને માગિયે શુભ આશિષ !
અમારી ગુણવંતી ગુજરાત !

મીઠી મનોહર વાડી આ તારી નંદનવન શી અમોલ !
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરિયે નિત્ય કલ્લોલ !
અમારી ગુણવંતી ગુજરાત !

સંત મહંત અનંત વીરોની, વહાલી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરિયે જાત !
અમારી ગુણવંતી ગુજરાત !

ઊંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવનમાંય :
દેશવિદેશ અહોનિશ અંતર એક જ તારી છાંય !
અમારી ગુણવંતી ગુજરાત !

સર સરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપૂર:
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી, માત ! રમે અમ ઉર !
અમારી ગુણવંતી ગુજરાત !

હિન્દુ મુસલમાન,પારસી, સર્વે માત ! અમે તુજ બાળ :
અંગ ઉમંગ ભરી નવરંગે, કરિયે સેવા સહુ કાળ !
અમારી ગુણવંતી ગુજરાત !

ઉર પ્રભાત સમાં અજવાળી ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર
અમારી ગુણવંતી ગુજરાત !

નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત ! - અરદેશર ખબરદાર

ગાંધીને પગલે પગલે – ઉમાશંકર જોશી

ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

કૃષ્ણચરણથી અંકિત ધરતી તણી બની આ કાયા;
પવિત્ર જરથુષ્ટ્રી આતશ બહેરામ અહીં લહેરાયા.
અશોકધર્મલિપિથી ઉર પાવન;
જિનવર-શિષ્યોની મનભાવન.
સત્ય-અહિંસાની આંખે તું ભાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

નરસિંહ-મીરાંની ગળથૂથી, ઘડી શૂર સરદારે,
મૃદુલ હૃદય તું, તોયે નિર્ભય સિંહડણક ઉદગારે.
મસ્જિદ મંદિર વાવ તોરણે
લચે રમ્યતા તવ વને-રણે.
બિરુદ 'વિવેકબૃહસ્પતિ'નું જે, પાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

- ઉમાશંકર જોશી

અમે ગુજરાતી – રઇશ મનીઆર

સ્વર્ણિમ આ ગુજરાત, વિશ્વવિખ્યાત, અમે ગુજરાતી
દિલમાં છે દિનરાત, સદા ગુજરાત, અમે ગુજરાતી

સરવર આ સરદાર, કલ્પસર સાથ, લીલોછમ બાગ બન્યું છે.
વનબંધુ કલ્યાણ ને સાગરખેડુનું ઉત્થાન થયું છે.
નવયુગનો પૈગામ લઇ હર ગામ જુઓ ઇ ગ્રામ બન્યું છે.
ખૂંદ્યા સમદર સાત, ન કંઇ ઉત્પાત, અમે ગુજરાતી

સ્વર્ણિમ આ ગુજરાત, વિશ્વવિખ્યાત, અમે ગુજરાતી
દિલમાં છે દિનરાત, સદા ગુજરાત, અમે ગુજરાતી

નમણાં આ વટવૃક્ષનું ઘડતર, મૂળ છુપ્યાં છે અંદર
સૌ સારસ્વત, નેતા, શિક્ષક, સાહસિક, ધર્મધુરંધર
હર ગુજરાતી સોહે વનનું અંગ બનીને સુંદર
ફૂલ કળી ને પાત, નિરાળી ભાત, અમે ગુજરાતી

સ્વર્ણિમ આ ગુજરાત, વિશ્વવિખ્યાત, અમે ગુજરાતી
દિલમાં છે દિનરાત, સદા ગુજરાત, અમે ગુજરાતી

માતૃભૂમિને વંદન

વંદન કરીએ માતૃભૂમિને, પ્રગટે દિલમાં પ્યાર રે,
ગુજરાતી હોવાનું અમને, ગૌરવ ભારોભાર રે... વંદન
આ ધરતીની ગૌરવગાથા કવિઓ ગાય ઉમંગે,
નર્મદવાણી, મેઘાણી સરવાણી નરસીં સંગે,
કવિઓની વાણીમાં ધબકે ધરતીનો ધબકાર રે... વંદન
હૈયે ધબકે દ્વારિકા, ને સોમનાથની ગાથા,
કરે સુરક્ષા પાવાગઢ ને અંબાજીમાં માતા,
બહુચરમાં ને આશાપુરા માડી કરે દુલાર રે.... વંદન
તોરલની સોબતમાં, જેસલ જેવા સંતો થાતા,
ખરી કસોટી કરે કૃપાલુ, જલારામ પરખાતા,
સાચા સંતોની સોબતમાં, સુધરે છે સંસ્કાર રે.... વંદન
પ્રયોગમાંથી ગાંથી પામ્યા, પ્રબળતા જગ જાણે,
લોહપુરુષની કુશળતાને, દુનિયા આજ વખાણે,
રવિશંકર ને વિનોબા તો દુખિયાં ના દાતાર રે.... વંદન
પુણ્યભૂમિમાં પાક્યા શૂરા, સંત-મહંતો દાતા,
પુરુષાર્થ પણ તુજ કૃપાથી, પ્રગતિમાં પલટાતા,
કોટિ કંઠો કરે પ્રાર્થના તું છો તારણહાર રે.... વંદન

ગુજરાત ગૌરવ ગીત

(રાગ : ચંદન હૈ ઇસ દેશ કી મિટ્ટી, તપોભૂમિ હર ગ્રામ હૈ...)
અરે ગુર્જરી માત, સદાયે તારી થઇને રહીએ રે,
ગરવી ગૌરવગાથાના, ધડનારા થઇને રહીએ રે... અરે.....
જ્યાં પ્રભાતમાં નરસૈંયાના પ્રભાતિયા સંભળતા રે,
સંધ્યાકાળે શંખનાદથી, સત્સંગી હરખાતા રે....
સંસ્કારી ધરતીના બસ, ધબકારા થઇને રહીએ રે,
ગરવી ગૌરવગાથાના, ધડનારા થઇને રહીએ રે... અરે.....
વટ – વચનને ખાતાર વીરો, સામે માથું ધરતા રે,
ગો – બ્રાહ્મણ પ્રતિપાળ, બનીને રક્ષા સૌની કરતા રે...
ખરી ખુમારી પ્રગટે એ પડકારી થઇને રહીએ રે,
ગરવી ગૌરવગાથાના, ધડનારા થઇને રહીએ રે... અરે.....
ગુજરાતી શિખરે બિરાજે, ભલે એ દુઃખો સહેતા રે,
ગાંધી ને સરદાર સરીખા, વીરો હૈયે વસતા રે....
માતૃભૂમિના ગૌરવના, સિતારા થઇને રહીએ રે,
ગરવી ગૌરવગાથાના, ધડનારા થઇને રહીએ રે... અરે.....
જ્યાતિગ્રામની જ્યોતિ જાણે, ઘર ઘર જઇ અજવાળે રે,
હરિયાળાં ખેતરમાં ખેડૂ, હૈયે ટાઢક વાળે રે.....
વિકાસની વણથંભી, નિર્મળ ધારા થઇને રહીએ રે,
ગરવી ગૌરવગાથાના, ધડનારા થઇને રહીએ રે... અરે.....

ગુજરાત ગૌરવ ગાન

એવી ગરવી ગાથી છે, ગુજરાતની રે,
નોખી નિરાળી ભાત, ભાતભાતની રે.... એવી...
એના ચરણો તો સમદર પખાળતારે,
જાણે અમૃત છે નીર નદી માતાના રે,
અક્ષયપાત્ર સમાણી ધરા પોષતી રે.....એવી....
માથે શક્તિદાયિની દેવી અંબિકા રે,
એની ભુજાપર પાવાગઢ દ્વારિકા રે,
અગમ નિગમની વાણી ગિરનારની રે.... એવી...
એનો ધંધો વેવાર કેવા ધીકતા રે,
ગોરવથી ગુજરાતી મલકાતા રે,
ગાજે દુનિયામાં વાતો અમીરાતની રે.... એવી....
એના દીકરા સરદાર જેવા અવતર્યા રે,
પૂજ્ય બાપુ ને સત્યથી સાંભર્યા રે,
ખુદ કૃષ્ણની નગરી ગુજરાતની રે..... એવી.....
એનો આદર કરીને કરો વંદના રે,
સૌ ઉજવો ઉત્સવ આનંદના રે,
શાન ઊંચી રહેશે મોરી માતની રે.... એવી.....

રળિયામણું ગુજરાત

ભાઇ મારૂં રળિયામણું ગુજરાત, એના શું રે કરું રે વખાણ,
એ શું રે કરું હું વખાણ રે, એના કેટલા આપું પ્રમાણ.....
ભાઇ મારૂં....
સુરક્ષા શાંતિ જનમાનવને, નહિવત જેવાં રમખાણ, (૨)
એ... નિર્મળ ગુજરાતને, નિરોગી બાળક, છે એની ઓળખાણ...
ભાઇ મારૂં....
આરોગ્ય, શિક્ષણ, કૃષિ ને રસ્તા, વિકાસના એ વહાણ, (૨)
એ... અક્ષયપાત્ર જાણે દરિયાની ધરતી, ત્યાં સૌનું કલ્યાણ....
ભાઇ મારૂં....
જ્યોતિગ્રામની જ્યોતની ભીતર, જળ શક્તિના એંધાણ (૨)
એ... ઉદ્યોગ ધંધા એના દુનિયામાં ગાજે સુખની જાણે ખાણ.....
ભાઇ મારૂં....
કવિઓ કહેતાં થાકશે. એની, ગાથાના લંબાણ, (૨)
એ... જય હો તારા નામનો તને, ધરું આ દેહ ને આ પ્રાણ..
ભાઇ મારૂં....

જનતા છે સરકાર

સાંભળજો સૌ સૂધ રાખીને, ગાથા છે દમદાર,
ગૂર્જરભૂમિ ગરવી જેનાં ગુણગાતાં નરનાર,
ગૂર્જરી ગરવી ગાજે, એના તોલે કોઇ ના આજે – (૨)
પહેલી મે ઓગણીસને સાઠે, ધર્યો નવો અવતાર,
પચાસ વર્ષે પુણ્યભૂમિના, પૂણ્ય ફળ્યા કિરતાર... ગુર્જરી
અડધી સદીનું આયખું ઇ તો, દુનિયામાં પંકાય,
આબરુ ના તો આંક વળી ગ્યા, ચોફેર એ અંકાય.... ગૂર્જરી
કૃપા થકી માં નર્મદાની, કૃષિ, ઉદ્યોગ, વેપાર,
જલધારા થકી જ્યોતિ બની, અજવાળ્યા ઘરબાર... ગૂર્જરી
ગ્રામ-નગર ને સાગર ખેડૂ, વનવાસી વિસ્તાર,
આર્થિક રીતે આગળ આવ્યા, વળી વધ્યો વહેવાર... ગૂર્જરી
સુખ શાંતિ ને સ્વાસ્થય, સુરક્ષા, શિક્ષણ ને સહકાર,
સમરસતાથી સ્વર્ણિમ થઇ, જેની જનતા છે સરકાર... ગૂર્જરી

વિજયી ભવઃ

વિજયમંત્ર તું જપતો રહે જે, જય સ્વર્ણિ ગુજરાત રે,
ગૌરવગાથા ગાતો રહેજે, જય ગરવી ગુજરાત રે,
સંકલ્પો સાકાર થશે, બસ મનની મજબૂતી હશે,
સફળતા મળશે જો વર્તન વાણીની શુદ્ધિ હશે,
કર્મયોગ તું કરતો રહેશે, જય સ્વર્ણિમ ગુજરાત રે,
ગૌરવગાથા ગાતો રહેજે, જય સ્વર્ણિમ ગુજરાત રે, વિજયમંત્ર.....
સમરસતા સંકલ્પ થકી, ઇ – ગામ થયાં છે ન્યારાં,
નિર્મળતા નિરોગી, શિક્ષિત, સુરક્ષા દેનારા,
વિકાસ માટે વધતો રહેજે, જય સ્વર્ણિમ ગુજરાત રે,
ગૌરવગાથા ગાતો રહેજે, જય ગરવી ગુજરાત રે, વિજયમંત્ર.....
ગાંધી ને સરદાર સપૂતો, વીરો વિશ્વે વખાણ્યા.
વીર – વેપારી સાક્ષર – સંતો, અગણિત અહીં અજાણ્યા,
નરબંકો થઇ લડતો રહેજે, જય સ્વર્ણિમ ગુજરાત રે,
ગૌરવગાથા ગાતો રહેજે, જય ગરવી ગુજરાત રે, વિજયમંત્ર.....
સમય છે તો આવે ચડતી, કદીએ આવે પડતી પણ,
રૂડી રૂપાળી ધરતીમાંને, કપટી નજર કનડતી પણ,
સુખ દુઃખમાં પણ હસતો રહેજે, જય સ્વર્ણિમ ગુજરાત રે,
ગૌરવગાથા ગાતો રહેજે, જય ગરવી ગુજરાત રે, વિજયમંત્ર.....

**જય નર્મદે**

સખી શણગારો આજ, આખા ગામને રે,
ગોળ વહેંચો, શુકનનો તમામને રે..... સખી
    મારે આંગણે પધાર્યા, માં નર્મદા રે,
    હવે ફૂલે - ફાલે ધરા, સર્વદા રે.
જળશક્તિ છે, પૂજો નદી માતને રે..... સખી.....
ખેતી કરશું ખંતીલી, હવે હેતથી રે,
થાશે ધરતી હરિયાળી, ભર્યા ખેતથી રે.
હવે ગાયોના દૂધ દેશું, બાળને રે..... સખી....
    ભાગે અંધારુ જ્યોતિ પણ આવશે રે,
    વધે સવલત ને, શિક્ષણ ફેલાવશે રે,
    મળે ઉદ્યોગ ને, નોકરી યુવાનને રે.... સખી...
કામ અઘરું પણ, થયું જરા જાણીએ રે,
થયું સુખી જીવતર, હવે માણે રે,
કેવી શાંતિ ને સુખ, ગામે ગામને રે..... સખી.....
    આમ જનતાની, ચિંતા જે સેવતા રે,
    એનું કરજો ભલું, દેવી દેવતા રે,
    કષ્ટ જાશે સૌ જુઓ, હવે કામને રે.....સખી.....

ગરિમા ગરવી ગુજરાતની

ભાઇ મારું રળિયામણું ગુજરાત રે.
અને ઝાઝા કરું હું વખાણ
ઝાઝા કરું હું વખાણ રે એના,
દુનિયામાં થતાં સન્માન........ ભાઇ મારું.....
સુરક્ષા, શાંતિ, જનમાનવને,
નિર્મળ છે ઓળખાણ.
જ્યોતિગ્રામની જ્યોતમાં ઝળકે,
કૃષિ, ઉદ્યોગ ને વિજ્ઞાન........ ભાઇ મારું.....
ઘરના ઘર, વળી, રોટી ને રોજગાર,
વિકાસની આ વણઝાર.
કર્યા સંકલ્પો, સૌના વિકાસના,
વંચિતના એ રખેવાળ........ ભાઇ મારું.....
સાગરખેડૂ, ને કૃષિ- કારીગર,
વનબંધુ વિસ્તાર.
ચખેપાતર જાણે ગુર્જરી ધરતી !
એમાં ગરીબ કલ્યાણ........ ભાઇ મારું.....

ગુજરાત ગૌરવ ગાન

આવો ગાઈએ સાથ મળીને ,ગૌરવ ગીત ગુજરાતનુ!
સ્વપ્ન સાકાર થયું આપણું ,સ્વર્ણિમ ગુજરાતનું ! આવો ગાઈએ...

શિખર ઉપર અંબામાતા,આધશક્તિ આ વિશ્વની,
ડાકોરમાં બેઠો છે કાનો,નામે રણછોડરાયજી... આવો ગાઈએ...

પૂરવમાં પાલીતણા ને,પશ્ચિમે છે દ્વારકા,
પાવાગઢની માંહે સોહે,કેવી સુંદર કાલકા! આવો ગાઈએ...

નર્મદામૈયા વહે ચરણમાં, તૃષા છીપાવે રાજની,
ઉંચા પર્વત પહેરો ભરતા,ગિરીમાળા ગુજરાતની! આવો ગાઈએ...

ગાંધીબાપુ,મેઘાણીને ધીરુભાઈ ગુજરાતના,
ભક્ત નરસૈયો ભક્તિ જાણે,જલારામની નામના! આવો ગાઈએ...

સરદારની કરીએ ઓળખ,વિક્રમ સારાભાઈ ‘ને
પિત્રોડાની સિધ્ધી જાણો,ધન્યવાદ વિજ્ઞાનને! આવો ગાઈએ...

શ્યામજીકૃષ્ણ વર્મા જેવા,ક્રાન્તિવીર ગુજરાતના.
‘નરેન્દ્ર’જેના સારથી છે સુવર્ણ રથ ગુજરાતના! આવો ગાઈએ...

એકવીસમી સદીનું સ્વપ્ન, ‘સાર્થક’ થયું જણાય છે,
વિકાસની એ અવિરત ધારા,વણથંભી વણઝાર છે! આવો ગાઈએ...

જગદીશભાઈ એમ.ઉપાધ્યાય ‘સાર્થક’

જય જય ગરવી ગુજરાત

ધરા છે આ મારી, દરિયાની લહેરો આ છે મારી,
આ રણ મને પ્યારું છે, ખેતર છે શું મા મારી
ધન્ય હું થઈ ગયો અહીં જન્મ જે મારો થયો

જય જય જય જય ગરવી ગુજરાત મારા દિલમાં ધડકે ગુજરાત !

એ વિશ્વનું દ્વાર છે, અહીં સદા પ્યાર છે,
તને નમું લાખ વાર હું ભૂમિ મારી,

જય જય જય જય ગરવી ગુજરાત મારા દિલમાં ધડકે ગુજરાત !

અહીં સેતુ કરાવ્યા પાર મેં દરિયા પાર,
ગુજરાતી હું છું મને ફૂલો જેટલો પરસેવાથી પ્યાર,
ગુજરાતી હું છું મારી રગરગમાં કરુણા, સેવા, સહકાર,
ગુજરાતી હું છું હર આફત સામે ઊભો બની પડકાર,
ગુજરાતી હું છું....

જય જય જય જય ગરવી ગુજરાત મારા દિલમાં ધડકે ગુજરાત !

પાંખનાં આ ફફડાટમાં ગગન કહી રહ્યું છે મને ખોલ તું,
લક્ષ્યની પરે લક્ષ્ય આપણું કહી રહ્યું છે હવે બોલ તું,
કૈક દ્વાર હજુ ખોલવાના છે કૈંક ઝરુખા હજુ બંધ છે,
મુઠ્ઠીઓમાં મારી ઊછળી જે રહ્યા સાત સૂરજના છન્દ છે.

જય જય જય જય ગરવી ગુજરાત મારા દિલમાં ધડકે ગુજરાત !
જય જય જય જય ગરવી ગુજરાત મારા દેશનું ઘરેણું ગુજરાત !

એક દોરો મારી પાસે છે તો એક દોરો તારીયે પાસ છે,
સાથ સૌ મળી વણીએ એક નવી કાલને કે જે ખાસ છે,
અંજલિમાં સંકલ્પ છે અને આંખોમાં વિશ્વાસ છે,
મનમાં કર્મની વાંસળી છે અને એક સૂરીલી આશ છે,
હે જી રે..........

જય જય જય જય ગરવી ગુજરાત મારા દિલમાં ધડકે ગુજરાત !

શ્રી દિલીપ રાવલ

બે મુક્તકો (ગુજરાત) -રિષભ મહેતા

કોઈ કવિની કલ્પનાની ભાત નિહાળો,
હેલે ચડેલ સ્વપ્ન જેવી જાત નિહાળો;
આદરનું કેવું રૂપ, કેવું પ્રેમનું સ્વરૂપ,
જોવા પધારો, મારું આ ગુજરાત નિહાળો.

*

સત્કાર અને પ્યાર સૌની વાતમાં મળે,
સચ્ચાઈ શિશુ જેવી જ જઝબાતમાં મળે;
ક્ષમા, કરુણા, સ્નેહ, સૌની આંખમાં મળે,
ભારતનું સાચું રૂપ તો ગુજરાતમાં મળે.

- રિષભ મહેતા

ગુજરાત અમારું

પ્રાણથી પ્યારું ને સ્વર્ગથી ન્યારું ધન્ય છે આ ગુજરાત અમારું

તન, મન, ધનથી વિકાસ કાજે ડંકો વગાડે ગુજરાત અમારું

અહીં રહે સૌ હળીમળીને અને કરે અનંત વિકાસની વાતું,

પરસ્પર પ્રેમ, લાગણી, ભાઈચારો પ્રસરાવે ગુજરાત અમારું

નર્મદા નદી ને સરદાર સરોવર થકી બન્યું છે આ હરીયાળું,

કૃષિ મહોત્સવ થકી પ્રાણ પૂરે છે ખેતીમાં ગુજરાત અમારું

યોજાય છે જયાં વાયબ્રન્ટ ગુજરાત ને ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ,

દેશ વિદેશના પ્રતિનિધિ થકી બન્યુ ગ્લોબલ ગુજરાત અમારું

વિશ્વના નકશા પર ઝબકે છે અહીંની કોઠાસૂઝ, કૌવત ને ખુમારી,

હવે તો વિકસિત દેશ સાથે કરે છે હરિફાઈ ગુજરાત અમારું

દરેક ક્ષેત્રના વિકાસમાં નંબર - ૧ બની બન્યું છે મનભાવન,

ઓ-કાન્હા, પચાસ વર્ષની પૂર્ણતામાં સ્વર્ણિમ બન્યું ગુજરાત અમારું

ગુર્જર ધરતી

માં ગુર્જર ધરતીની છે અનુપમ પરંપરા,

વીર સપૂતો સંતોની તું જન્મદાત્રી વસુંધરા.

ગાંધીએ સત્ય અહિંસાની જગાવી જ્યોતિ,

સરદારે રજવાડા કેરા સાધ્યા અણમોલ મોતી.

આત્મીયતાનું અહીં વહે છે કેવું નિર્મળ ઝરણું,

ત્યાગ, તપસ્યા, શૌર્ય, સાધનાનું અમે લીધું છે શરણું.

માતૃભૂમિ પ્રતિ અક્ષયનિષ્ઠાથી અર્પિત કર્યું તન, મન, ધન

અનેક વીરોના શોણિતથી બનશે આજે મધુર ઉપવન.

નવલા તેજે નવયુવાન નીડર બની હોમાયા,

સ્વર્ણિમ ગુજરાતમાં તે સૌને અહર્નિશ યાદ કરાયા.

જન્મભૂમિની પીડા કાજે બલિદાન કેડી લીધી,

કુમકુમવર્ણા કરથી સૌએ પ્રાણાંજલિ દીધી.

હે માં ગુર્જરી

હે માં ગુર્જરી તારા કણકણમાં છે તીરથનો પાવન મહિમા,

સાધુ સંતોએ જગાવ્યો અહીં અલખનો અનેરો મહિમા.

તુજ ચરણ પખાળે છે પીયૂષ સમ સરિતાઓ,

ને હરિયાળી ચાદર ઓઢાડે છે વન્ય વનિકાઓ.

વિકાસ કેરી સરિતાના નીરમાં જાતને ઓગાળીએ,

ધ્યેય દીપકનું બની કિરણ ગુજરાતને અજવાળીએ.

પ્રગતિનું જાણે વરદાન લઈને સિદ્ધ કર્યા શિખરો,

વિકાસકાર્યમાં અવરોધરૂપ ધ્વસ્ત કરી ભેખડો.

ગિરિવન, ગ્રામ, નગર ને ઘરઘરથી જાગે છે નરનારી

પાપી, ભ્રષ્ટાચારી ભાગે છે ઉઘાડા પગે અત્યાચારી.

ઓ-કાન્હા, ધરતીથી લઈને આભ સુધી ઊઠી છે એક ચિનગારી,

દરેક ક્ષેત્રમાં નંબર - ૧ બનીને જંપશે એક ઓલિયો અલગારી.